# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/158 Dt. 25/09/2025

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના પ્રમુખ અને ઉપ પ્રમુખ સહિતના પ્રતિનિધિ મંડળે ચીનમાં શાંઘાઇ ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય પ્રદર્શન 'ચાઇના ઇન્ટરનેશનલ સ્યુઈંગ મશીનરી એન્ડ એસેસરીઝ શો (CISMA) ૨૦૨૫'ની મુલાકાત લીધી

### ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ વિવિધ આંતરરાષ્ટ્રીય કંપનીઓના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી ટેક્ષ્ટાઇલ મશીનરી તથા એસેસરીઝ ક્ષેત્રે ટેકનોલોજી ટ્રાન્સફર તથા સંભવિત સહયોગ અંગે વિસ્તૃત ચર્ચા કરી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ તાજેતરમાં જ ચીનના શાંઘાઇ શહેરમાં શાંઘાઇ ન્યુ ઇન્ટરનેશનલ એક્ષ્પો સેન્ટર ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય પ્રદર્શન 'ચાઇના ઇન્ટરનેશનલ સ્યુઈંગ મશીનરી એન્ડ એસેસરીઝ શો (CISMA) ૨૦૨૫'ની મુલાકાત લીધી હતી.

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં મશીનરી સપ્લાય કરતી ચીનની પ્રખ્યાત દાહો કંપનીના સંચાલકે આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારત અને ચીન વચ્ચે રાજકીય સંબંધો સુધરી રહયા છે. જેના કારણે ઉદ્યોગ અને વેપાર ક્ષેત્રે નવી તકો સર્જાઈ રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ અને ગારમેન્ટ મશીનરી ક્ષેત્રે ભારત એક મહત્વપૂર્ણ માર્કેટ તરીકે ઉભર્યું છે. ભવિષ્યમાં ભારત–ચીન વચ્ચેનો વેપારિક સહકાર વધશે અને નવી ટેકનોલોજી ભારતના ઉદ્યોગકારોને ઝડપી વિકાસ તરફ દોરી જશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો માટે ચીન અને અન્ય દેશોની અદ્યતન મશીનરી તથા ટેકનોલોજી સમજવાની આ સારી તક છે. આ પ્રકારના પ્રદર્શન ઉદ્યોગ જગતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે મદદરૂપ સાબિત થાય છે. તેમણે કહયું હતું કે, સુરતના ટેક્ષ્ટાઇલ સેકટરને આધુનિક ટેકનોલોજી અપનાવવાની અત્યંત જરૂર છે. આવા આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોથી ઉદ્યોગકારોને નવી મશીનરી, ઉત્પાદન ક્ષમતામાં વધારો અને વૈશ્વિક માર્કેટ સાથે જોડાવાનો માર્ગ મોકળો થશે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સમગ્ર આંતરરાષ્ટ્રીય સંમેલનને ચેમ્બર ઓફ કોમર્સ અને સુરત એમ્બ્રોઇડરી એસોસીએશનના સંયુકત ઉપક્રમે આગામી તા. ૯, ૧૦ અને ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન સુરતમાં સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત 'સિટમે એકઝીબીશન'માં સૌને પધારવા માટે આમંત્રણ આપ્યું હતું. એકઝીબીશનમાં ભાગ લેવા માટે ૧૫થી વધુ દેશોના પ્રતિનિધિઓએ રસ દાખવ્યો હતો.

આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અને ઉપ પ્રમુખે વિવિધ આંતરરાષ્ટ્રીય કંપનીઓના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી. ચેમ્બરના બંને હોદ્દેદારોએ ટેક્ષ્ટાઇલ મશીનરી તથા એસેસરીઝ ક્ષેત્રે નવીનતા, ટેકનોલોજી ટ્રાન્સફર તથા સંભવિત સહયોગ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.